RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 316, Dt.27-02-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટની બિલ્ડર લોબી પર ત્રાટકતું આઈટી

## લાડાણી અને ઓરબીટ ગ્રુપ પર દરોડાઃ સવારથી જ ૩૦ સ્થળોએ ૧૫૦ અધિકારીઓનો કાફલો ત્રાટકયોઃ કરોડોની કરચોરી ખુલવાની આશંકાઃ બિલ્ડર દિલીપ લાડાણી, વિનશ પટેલ, દાનુભા, મહિપતસિંહ ચુડાસમા, મયુર રાદડિયાની ઓફિસ તેમજ નિવાસ પર કાર્યવાહીઃ વિશ્વાસુ કર્મચારીઓને નિવાસોને પણ રડારમાં




(તસ્વીરઃ આનંદ જાવિયા)






**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર વોકહાર્ટ હોસ્પીટલ પાસેની શેરીમાં આવેલા તેમના નિવાસસ્થાન તથા મવડીમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસેની ઓફિસ પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ સિવાય તેમના કનેકશનમાં પણ અર્ધોડઝન સ્થળોએ કાફલો ત્રાટકયો હતો. મવડીમાં નિવાસ ધરાવતા તેમના એકાઉન્ટન્ટના નિવાસસ્થાનને પણ દરોડા કાર્યવાહીને કવર કરી લેવામાં આવ્યું હતું. એકાઉન્ટન્ટ વિરાજના નિવાસે પણ સવારથી દરોડા પાડવામાં આવ્યા હતા.

આ સિવાય દિલીપ લાડાણી સાથે ભાગીદારી-કનેકશન ધરાવતા ઓરબેટ ગ્રુપને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. મોટામવામાં આલીશાન-વૈભવી ઈમારતોમાં રહેતા વિનસ પટેલ તથા તેમના ભાઈઓના નિવાસસ્થાન તથા ઓફિસો પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત કોટેચા ચોક પાસે સૌરાષ્ટ્ર હાઈસ્કુલની બાજુમાં આકાર પામી રહેલા ટવીન ટાવર ગ્રુપને પણ નિશાને લેવામાં આવ્યું હતું. આ પ્રોજેકટમાં લાડાણી ગ્રુપ ઉપરાંત દાનુભા, તેમના પુત્ર અર્જુન, મયુર રાદડીયા, મહીપતસિંહ ચુડાસમાના સ્થળોએ પણ સવારથી દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આવકવેરા વિભાગના સૂત્રોએ એમ કહ્યું હતું કે સવારથી બિલ્ડરો તથા તેના ભાગીદારો અને કનેકશન ધરાવતા ૩૦ જેટલા સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વ્હેલીસવારમાં જ દરોડાની વાત વાઈરલ થઈ જતા બિલ્ડર સહિતના ગ્રુપોમાં ફફડાટ સર્જાયો હતો. સામાન્ય રીતે લોકસભાની ચુંટણી કે નાણાકીય વર્ષ આવકવેરા વિભાગની પ્રારંભીક-પ્રાથમીક તપાસમાં જ કરોડો રૂપિયાના રીયલ એસ્ટેટ વ્યવહારો દર્શાવતા દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. ઉપરાંત પેનડ્રાઈવ-હાર્ડડિસ્ક સહિતના ઈલેકટ્રોનિકસ ગેઝેટ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. તેમના એકાઉન્ટન્ટના નિવાસેથી મોટો દલ્લો મળવાના નિર્દેશ છે. કરોડો રૂપિયાની કરચોરી ખુલવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.રાજકોટમાં આર.કે.ગ્રુપ પછી બિલ્ડર જુથ પરનુ આ સૌથી મોટુ દરોડા ઓપરેશન ગણવામાં આવી રહ્યું છે. આ સિવાય ટોચના જવેલર્સો પર ગત વર્ષે દરોડા પાડવામાં આવ્યા ત્યારે પણ કરોડો રૂપિયાના રીયલ એસ્ટેટ વ્યવહારો ખુલ્યા હતા.

# રાજકોટ સહિત રાજ્યમાં ૨૨ બેઠકો પર ભાજપની સેન્સ સમાપ્ત

## સાંજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેલંગણાના પ્રવાસથી પરત ફર્યા બાદ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આગામી દિવસોમાં જાહેર થનારી લોકસભા ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી અંગે ભાજપે સેન્સ પ્રક્રિયા ગઈકાલથી શરૂ કરી છે અને એક જ દિવસમાં ૨૨ બેઠકો પર સેન્સ પ્રક્રિયા પુરી કર્યા બાદ આજે અમદાવાદ સહિતની ચાર બેઠકો માટે પણ સેન્સ લેવાઈ ગયા બાદ આજે સાંજથી જ તખ્તો ગાંધીનગર ખાતે ફેરવાઈ જશે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હાલ તેલંગાણાના રાજકીય પ્રવાસે છે અને તેઓ બપોર સુધીમાં પરત આવ્યા બાદ તેમના બંગલે ભાજપ પાર્લીયામેન્ટ્રી બોર્ડની બેઠક શરૂ થઈ જશે અને આવતીકાલ સાંજ સુધીમાં તમામ બેઠકો પર એક મહિલા સહિત ચાર નામોની પેનલ બનાવીને દિલ્હીમાં કેન્દ્રીય ચુંટણી સમીતીને સુપ્રત કરવામાં આવશે અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પણ દિલ્હી જઈને નામો ફાઈનલ કરશે અને ગુરુવાર રાત સુધીમાં ગુજરાતની ભાજપની લોકસભાની યાદી જાહેર થઈ જાય તેવા સંકેત છે.

ગઈકાલે પુરો દિવસ સેન્સનો ધમધમાટ રહ્યો હતો. ગાંધીનગરમાં લોકસભા બેઠક માટે એકમાત્ર કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહનું નામ તમામ લોકોએ સૂચવ્યુ છે અને તેથી જો અમીત શાહ ગુજરાતમાંથી ચુંટણી લડે તો તેઓ ઉમેદવાર હશે તે નિશ્ચિત થઈ ગયું છે જયારે બીજી તરફ મહેસાણામાં પુર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ ઉપરાંત પક્ષના મહામંત્રી રજની પટેલે પણ દાવેદારી કરી છે જયારે વર્તમાન ઉપપ્રમુખ ગોરધન ઝડફીયાએ અમદાવાદની બેઠક પર પોતે ચુંટણી લડવા ઈચ્છતા હોવાનું જણાવ્યું છે. જુનાગઢની બેઠક પર વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમા ઉપરાંત કિરીટ પટેલ પુર્વ મેયર જયોતીબેન વાછાણી, ગીતાબેન માલવે, દીનેશ ખટારીયા તેમજ હાલમાં જ આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયેલા પુર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયા અને ભાવનાબેન હીરપરાએ પણ ટિકીટ માંગી છે. ભરૂચની લોકસભા બેઠક પર વર્તમાન સાંસદ મનસુખ વસાવાએ ટિકીટ માંગી છે. આ બેઠક પર આમ આદમી પાર્ટીના ચૈતર વસાવા લડી રહ્યા છે અને કોંગ્રેસનો ટેકો છે તેથી સ્પર્ધા રસપ્રદ હશે. જો કે જેમના નામ વાઈરલ થઈ રહ્યા છે તેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિતના અનેક અગ્રણીઓએ હજુ સુધી પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ નથી.

# મોરબી જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જયંતી પટેલ તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી નારણ રાઠવાએ કેસરિયો ધારણ કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જયંતી પટેલ દ્વારા ગત શનિવારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખને પોતાનું લેખિત રાજીનામું આપવામાં આવ્યું હતું. ત્યાર પછી બીજા પણ કેટલાક આગેવાનો દ્વારા કોંગ્રેસમાંથી રાજીનામાં આપવામાં આવ્યા હતા અને તેવામાં આજે સવારે મોરબીથી કેટલાક કોંગ્રેસ સાથે છેડો ફાડનારા આગેવાનો તેમજ તેમના ટેકેદારોએ અને કાર્યકરો સાથે આજે ગાંધીનગરમાં સી.આર. પાટીલના હસ્તે કેસરિયો ધારણ કર્યો હતો તો બીજી તરફ છોટા ઉદેપુરના દિગ્ગજ કોંગ્રેસી નેતા અને રાજ્યસભા સાંસદ નારણ રાઠવા કોંગ્રેસને રામ રામ કરીને આજે કમલમ ખાતે કેસરિયો ધારણ કર્યો છે. હાલ લોકસભા ચૂંટણીના પડઘમ વાગવાની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે પાર્ટી બદલવાની હોડ જામી છે અને કોંગ્રેસના ઉમેદવારોના એક પછી એક કાંગરા ખરી રહ્યા છે. ત્યારે આજે વધુ એક પૂર્વ કેન્દ્રીય રેલ રાજ્યમંત્રી અને દિગ્ગજ કોંગ્રેસી નેતા રાજ્યસભા સાંસદ નારણ રાઠવા કોંગ્રેસને રામ રામ કરીને ભાજપનો કેસરિયો ધારણ કર્યો છે. કોંગ્રેસના પૂર્વ સાંસદ નારણ રાઠવાએ ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યલય કમલમ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલના હસ્તે કેસરિયો ધારણ કર્યો હતો. તેમની સાથે તેમના પુત્ર સંગ્રામ રાઠવાએ પણ ભાજપમાં પ્રવેશ મેળવ્યો છે.

# અંબાણી પરિવાર દ્વારા જામનગરમાં વિશ્વની સૌથી મોટી અત્યાધુનિક વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટ બનશે



**મુખ્ય સમાચાર, જામનગર**

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને રિલાયન્સ ફાઉન્ડેશને આજે ભારત અને સમગ્ર વિશ્વના ઇજાગ્રસ્ત, પ્રતાડિત અને ભયગ્રસ્ત પ્રાણીઓના બચાવ, સારવાર, સંભાળ અને પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેની એકછત્ર પહેલ – વનતારા કાર્યક્રમની જાહેરાત કરી છે. ગુજરાતમાં રિલાયન્સના જામનગર રિફાઈનરી સંકુલમાં આવેલા ગ્રીનબેલ્ટની અંદર ૩૦૦૦ એકરમાં ફેલાયેલા, વનતારાનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે સંરક્ષણ પ્રયાસોમાં અગ્રણી પ્રદાનકર્તાઓમાં સ્થાન મેળવવાનો છે. પ્રાણીસંભાળ અને કલ્યાણના અગ્રણી નિષ્ણાતો સાથે કામ કરીને, વનતારાએ બચાવ કરેલા પ્રાણીઓ સુખેથી રહી શકે તે માટે ૩૦૦૦-એકરની વિશાળ જગ્યાને જંગલ સાથે સામ્યતા ધરાવતા કુદરતી, સમૃદ્ધ, હરીયાળા અને લીલાછમ રહેઠાણમાં રૂપાંતરિત કરી છે.ભારતની અનન્ય વનતારા પહેલ, આરઆઈએલ અને રિલાયન્સ ફાઉન્ડેશનના બોર્ડના ડાયરેક્ટર અનંત અંબાણીના પ્રખર નેતૃત્વ હેઠળ પરિકલ્પિત થઈ છે અને અસ્તિત્વમાં આવી છે.

# આધાર કાર્ડ નહીં હોય તો પણ કરી શકશો મતદાન, લોકસભા પહેલા ચૂંટણી પંચની સ્પષ્ટતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આધાર કાર્ડ ન હોવા પર મતદાતાને મત આપવાથી રોકવામાં નહીં આવે. ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે સોમવારે આશ્વાસન આપ્યું કે, આધાર કાર્ડ ન હોવા પર મતદાતાઓને મતદાન કરવાથી રોકવામાં નહીં આવે. તેમાં કહેવાયું છે કે, મતદાતા પોતાનું મતદાન ઓળખ કાર્ડ અથવા કોઈ અન્ય ઓળખ પત્ર બતાવીને પોતાનો મત આપી શકશે. લોકસભા ચૂંટણી પહેલા પશ્ચિમ



બંગાળમાં અનેક આધાર કાર્ડ નિષ્ક્રિય થઈ ગયા છે. જેના પર તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ ચિંતા વ્યક્ત કરી હતી, જ્યારબાદ ચૂંટણી પંચે આ આશ્વાસન આપ્યું.

રાજ્યસભા નેતા સુખેન્દુ શેખર રે, ડોલા સેન અને સાકેત ગોખલે અને લોકસભા સાંસદ પ્રતિમા મંડલ અને સજદા અહમદ સહિત એક ટીએમસી પ્રતિનિધિમંડળે મુખ્ય ચૂંટણી અધિકારી સાથે મુલાકાત કરી અને કથિત આધાર નિષ્ક્રિયતાનો મુદ્દો ઉઠાવ્યો.

બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા સુખેન્દુએ કહ્યું કે, તેમણે પશ્ચિમ બંગાળમાં કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વગર હજારો લોકોના આધાર કાર્ડને ઈનએક્ટિવ કરી દેવા અંગે ચિંતા ઉઠાવી. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચે આશ્વાસન આપ્યું છે કે જો કોઈ વ્યક્તિની પાસે આધાર કાર્ડ નથી, તો પણ તેમને અન્ય માન્ય દસ્તાવેજોની સાથે મતદાન કરવાની મંજૂરી અપાશે.

ટીએમસીએ ખર્ચની દેખરેખ માટે જિલ્લા ગુપ્ત સમિતિઓના નિર્માણનો મુદ્દો પણ ઉઠાવ્યો. ઈસીઆઈએ નાણાકીય રીતે સંવેદનશીલ વિસ્તારો માટે જિલ્લા ગુપ્ત સમિતિઓ બનાવવાનો નિર્ણય લીધો છે. આ સમિતિઓમાં રાજ્ય અને કેન્દ્રીય બંને એજન્સીઓના સભ્યો હશે, જેમાં પોલીસ, આઈટી, ઉત્પાદ ચાર્જ, જીએસટી અને ઈડી અધિકારી સામેલ હશે. આ પહેલી વખત છે કે આવી સમિતિ બનાવાઈ છે. સુખેન્દુએ કહ્યું કે, આશ્વાસન અપાયું છે કે આ અભ્યાસ આખા દેશમાં કરાઈ રહ્યો છે અને રાજ્ય એજન્સીઓ પણ સમિતિનો ભાગ બનશે.

# શહેરોમાં માસિક ઘર ખર્ચ રૂા.૬૪૫૯ જયારે ગામડામાં રૂા.૩૭૭૩ઃ એનએસએસઓ સર્વેમાં બહાર આવી વિગત

## ૧૧ વર્ષ પછી કરાયો સર્વે, અનાજ પાછળનો ખર્ચ ઘટ્યો



**મુખ્ય સમાચાર, નવીદિનલ્હી**

ઘરમાં અનાજ પાછળ થનારો ખર્ચ ઝડપથી ઘટી રહ્યો છે. પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસ અને વીજળીની સાથેસાથે કપડાંમાં પણ સરખામણીની દષ્ટિએ ઓછો ખર્ચ કરાઈ રહ્યો છે. તેની સામે પીણાં અને ટીવી-ફ્રીજ જેવા વપરાશના સામાન પાછળ થનારા ખર્ચમાં ખાસ્સો વધારો જોવા મળી રહ્યો છે. આ ટ્રેન્ડ ગામ અને શહેર, બંનેમાં એકસરખો છે.

નેશનલ સેમ્પલ સરવે ઑફિસ (એનએસએસઓ)એ ગામડાં અને શહેરોમાં કરેલા હાઉસહોલ્ડ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર સરવે (એચસીઈએસ), ૨૦૨૨-૨૩માં આ વાત જાણવા મળી હતી. મહત્ત્વનું છે કે ૨૨ વર્ષમાં શહેરો અને ગામડાંમાં થનારા ખર્ચનું અંતર ઝડપથી ઘટી રહ્યું છે. ૨૦૨૨-૨૩માં શહેરી ઘરોનો સરેરાશ માસિક ખર્ચ ગ્રામ્યઘરાના માસિક ખર્ચ કરતાં ૭૧% વધુ હતો અને એ ૨૦૧૦-૧૧માં ૮૧% વધુ હતું. ઉલ્લેખનીય છે કે ૧૧ વર્ષ પછી એનએસએસઓનો સરવે બહાર આવ્યો છે.

સરવેમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મફત અનાજ યોજનાઓથી મળતા લાભોને ધ્યાને લેવાયા નથી. નહીંતર આ ખર્ચ વધુ થઈ શક્યો હતો. અહેવાલ પ્રમાણે અનાજ પાછળ ગ્રામ્ય ઘરોનો ખર્ચ ૨૩ વર્ષમાં ૨૨.૧૬%થી ઘટીને ૪.૮૯% થયો છે પરંતુ એ સમય દરમિયાન બેવરેજ પાછળ થનારો માસિક ખર્ચ ૪.૧૯%થી વધીને ૯.૬૨% થયો છે.

સિક્કિમમાં ગામડાંનો ખર્ચ રૂ. ૭૭૩૧ અને શહેરોનો રૂ. ૧૨૧૦૫ છે. આ આંકડો દેશમાં સૌથી વધુ છે જ્યારે છત્તીસગઢનાં ગામડાંમાં ઘરદીઠ ખર્ચ ૨૪૬૬ અને શહેરોનો ૪૪૮૩ છે, જે સૌથી ઓછો ખર્ચ છે.

ગામડાંના ટોપ ૫% લોકોનો ખર્ચ રૂ. ૧૦૫૦૧ અને શહેરના ટોપ ૫નો ખર્ચ ૨૦૮૨૪ રૂપિયા છે. સૌથી ગરીબ ૫% લોકોનો ખર્ચ ગામડાંમાં ૧૩૭૩ અને શહેરમાં તેમનો ખર્ચ ૨૦૦૧ રૂપિયા જ છે.

૧૯૯૯-૨૦૦૦માં ગામડામાં ખર્ચનો ૫૯.૪% હિસ્સો ખાણીપીણી પાછળ. ૨૦૨૨-૨૩માં ઘટીને ૪૬.૩% જ રહ્યો છે.

# મહિલાઓને પાછળ છોડી ના શકાય, સરકાર આદેશ નહીં આપે તો અમે આપીશું : સુપ્રીમ કોર્ટ

## કોસ્ટ ગાર્ડમાં મહિલાઓના કાયમી મુદ્દે સુપ્રીમે કેન્દ્રને ઝાટકીઃ કોસ્ટ ગાર્ડ આર્મી અને નેવીથી અલગ હોવાની તેમજ બોર્ડની રચનાની સરકારની દલીલો સુપ્રીમે ફગાવી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય કોસ્ટ ગાર્ડમાં મહિલા અધિકારીઓને કાયમી કમીશન આપવાની માગને લઇને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ફરી ઝાટકણી કાઢી હતી. સુપ્રીમે કહ્યું હતું કે જો તમે કાયમી કમીશન આપી શકો તેમ ના હોય તો અમે આદેશ જારી કરી દઇશું.

એક મહિલા કોસ્ટ ગાર્ડ અધિકારીની અરજીને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તમે મહિલા અધિકારીઓને કાયમી કમીશન આપો અન્યથા અમે આદેશ આપી દઇશું. હવે આ મામલે ૧ માર્ચના રોજ વધુ સુનાવણી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ઇન્ડિય કોસ્ટ ગાર્ડના એક મહિલા અધિકારીએ કરેલી અરજીની સુનાવણી કરી હતી. જેમાં આઇસીજી માટે યોગ્ય મહિલા શોર્ટ સર્વિસ કમીશન અધિકારીઓને કાયમી કમીશન આપવાની માગણી કરવામાં આવી છે.

એટર્ની જનરલ આર વેંકટરમણીએ કહ્યું હતું કે કોસ્ટ ગાર્ડ નેવી અને આર્મીથી તદ્દન અલગ છે. આ મામલે એક બોર્ડનું ગઠન કરવામાં આવી ચુક્યું છે. સાથે જ સ્ટ્રક્ચરલ ફેરફારોની પણ જરૂર છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડે કહ્યું હતું કે તમે જે દલિલો કરી રહ્યા છો તેમાં કોઇ જ દમ નથી, મહિલાઓને પાછળ ના છોડી શકાય, જો તમે કાયમી કમીશન નહીં આપો તો અમે આદેશ આપી દઇશું. આ મામલે હવે ૧ માર્ચના રોજ સુનાવણી કરવામાં આવશે.

# મોરબી કોંગ્રેસમાં નવા પ્રમુખની નિમણૂકના વિરોધમાં હોદ્દેદારોના રાજીનામા

## મોરબી જિલ્લા કોંગ્રેસ મહામંત્રી, ઉપપ્રમુખ તેમજ અન્ય હોદેદારોના રાજીનામાથી કોંગ્રેસમાં સન્નાટો: જિલ્લામાં સૌથી જૂનો પક્ષ અસ્ત થવાના આરે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે કિશોર ચીખલીયાની નિમણુંકના વિરોધમાં કોંગ્રેસના હોદ્દેદારોએ રાજીનામા આપી દેતા મોરબી જિલ્લા કોંગ્રેસ અસ્ત થવાને આરે આવી ગઈ હોવાના સંકેતો મળી રહ્યા છે.



મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે કિશોર ચીખલીયાની નિમણુંક કરતા અગાઉ પૂર્વ પ્રમુખ જયંતીભાઈ જેરાજભાઈ પટેલ અને મુકેશ ગામીએ રાજીનામુ આપ્યા બાદ મોરબી જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી ચેતનભાઈ એરવાડીયા, મહામંત્રી પ્રકાશભાઈ બાવરવા અને ઉપપ્રમુખ અશ્વિનભાઈ વિડજા તથા ઉપપ્રમુખ રામજીભાઈ રબારી અને માલધારી સેલના ઉપપ્રમુખ મનસુખભાઇ રબારીએ કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. સાથે જ મોરબી શહેર કોંગ્રેસ સેવાદળના પ્રમુખ જાનમામદ ચાનીયાએ પણ રાજીનામું આપી દીધું છે.

# હરીપર નજીક ટ્રક અને રોકડની સહિતની લૂંટ કરનાર ત્રિપુટી ઝડપાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુએ જામનગર જીલ્લામાં બનતા અનડીટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય અને જામનગર ગ્રામ્ય ડીવીઝન I / C નાયબ પોલીસ અધિક્ષક મહેન્દ્રસિંહ સોલંકી સાહેબ તથા ધ્રોલ સર્કલ સી.પી.આઇ. એ.આર.ચૌધરીના માર્ગદર્શન તથા સુચના મુજબ પો.સબ ઇન્સ. પી.જી.પનારા સાહેબ તથા ધ્રોલ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમા હતા . ધ્રોલ ટંકારા હાઇવે રોડ , હરીપર ગામથી થોડે આગળ રોડ પર એક ટ્રક ગાડીના ચાલકને રોકીને , સફેદ કલરની આઇ ૨૦ ફોર વ્હીલગાડીના ચાલકે તથા તેની સાથે રહેલ બીજા બે ઇસમોએ ટ્રકના ચાલકને નીચે ઉતારી આડેધડ ઢીકાપાટૂનો માર મારી ખીસ્સામા રહેલ રોકડા રૂપિયા તથા સાહેદનો વિવો કંપનીનો મોબાઇલ ફોન તથા ટ્રકની લુટ કરી મારી નાખવાની ધમકી આપી નાશી ગયેલ હોય જે અંગે અલગ - અલગ ટીમો બનાવી ગુન્હો શોધી કાઢવા પ્રયત્નશીલ હોય તે દરમ્યાન ધ્રોલ પો.સ્ટે.ના પોલીસ હેડ કોન્સ .ધર્મેન્દ્રભાઇ પી.વઘોરા તથા પો.કોન્સ .વનરાજભાઇ નાગજીભાઇ ગઢાદરા નાઓને મળેલ ખાનગી હકિકતના આધારે ઉપરોકત લુટના ગુન્હામા સંડોવાયેલ આરોપીઓ તથા ગુન્હામા ગયેલ મુદામાલ સાથે પકડી પાડવામા આવેલ જે નીચે મુજબ છે . પકડાયેલ આરોપીઓ. લખમણભાઇ દેવાભાઇ ગરેજા. ઉવ -૨૯ ધંધો - ડ્રાઇવીંગ રહે જયુબેલી બોખીરા ગામ તા.જી પોરબંદર રમેશભાઇ રાજાભાઇ કેશવાલા ઉવ -૩૯ ધંધો - ડ્રાઇવીંગ રહે - રાતડી ગામ તા.જી - પોરબંદર નાગાજણ કેશુભાઇ ગોરાણીયા ઉવ -૨૩ ધંધો -ડ્રાઇવીંગ રહે - કુણવદર ગામ તા.જી. પોરબંદર કબ્જે કરેલ મુદામાલ ટ્રક રજી.નંબર ઉઉ - ૦૧ ક - ૯૬૫૩ કિ.રૂ. ૨૦,૦૦,૦૦૦ મોબાઇલ ફોન નંગ ૦૪ કી.રૂ. ૨૫,૦૦૦ સફેદ કલરની આઇ -૨૦ ફોર વ્હીલ ગાડી રજી.નંબર GJ - 10 - CN - ૫૩૫૨ કિ.રૂ. ૪,૦૦,૦૦૦ રોકડા રૂપિયા ૧૦૦૦ કુલ મુદામાલ રૂપિયા ૨૪,૨૬,૦૦૦ આ કામગીરી ધ્રોલ પો.સ્ટે . ના પો.સબ ઇન્સ . પી.જી.પનારા તથા પો.સબ ઇન્સ.આર.કે. કરમટા એલ.સી.બી. જામનગર તથા એલ.સી.બી. ટીમ તથા પો.હેડ કોન્સ . ધર્મેન્દ્રભાઇ પી.વઘોરા તથા પો.કોન્સ .વનરાજભાઇ નાગજીભાઇ ગઢાદરા તથા રવિરાજસિંહ દાજીભા જાડેજા તથા પોલીસ કોન્સ . જગદિશભાઇ હીરામણભાઇ જોગરાણા તથા જયેશભાઇ માત્રાભાઇ પઢેરીયા તથા કરણભાઇ નારણભાઇ શિયાર દ્વારા કરવામા આવેલ છે.



# મોરબી દશનામ ગોસ્વામી યુવક મંડળ દ્વારા સમુહલગ્ન યોજાયા

## યુવક મંડળ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન કરાયું



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી દશનામ ગોસ્વામી યુવક મંડળ દ્વારા પાંચમા રજવાડી સમૂહલગ્ન નું આયોજન મોરબી સામાકાંઠે ઉમા ટાઉનશીપ સામે સાંઈબાગ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં ત્રિવેણી સંગમ સમાં ત્રણ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા સમૂહલગ્ન માં દીકરીઓ ને કરીયાવર માં સોના ચાંદી ના દાગીના થી લઈ જીવનજરૂરિયાત ની ૮૫ જેટલી ચીજવસ્તુઓ ભેટ આપી હતી આ સમૂહલગ્ન માં ગોસ્વામી સમાજ ના સંતો મહંતો મોરબી રાજકોટ ભગવા ગ્રુપ ના આગેવાનો રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા યુવક મંડળ દ્વારા ઉપસ્થિત મહાનુભાવો ને અમરેલીના દશનામ દર્શીત ના તંત્રી અતુલપુરી મનસુખપરી ને પત્રકાર એસો મોરબી પ્રમુખ તેમજ ગોસ્વામી સમાજ ના પત્રકાર સુરેશભાઈ ગોસ્વામીને તલવારો ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ઉપસ્થિત સંતો મહંતો મહાનુભાવો એ યુવક મંડળ ના સમૂહલગ્નના સફળ આયોજન ને બિરદાવી ને અભિનંદન પાઠવી યુવક મંડળ ની ટીમનુ સન્માન કર્યું હતું આ પ્રસંગે દશનામ દર્શીત ના તંત્રી અતુલપુરી એ જણાવ્યું હતું કે સમાજ માં શિક્ષણની બહુ જ જરૂર છે બાળકો ને ભણાવો માતાઓ દીકરીઓ ને શિખામણ આપો કે તમારા સાસુ સસરા ની સેવા કરો સાસુ સસરા ની સેવા એજ મોટો કરીયાવર છે દીકરીઓ આંતરજ્ઞાતિ માં લગ્ન ન કરો સમાજ માં જ લગ્ન કરો આપણી સંસ્કારો ને સંસ્કૃતિ સતાધર્મ બચાવો આજે યુટ્યુબ સોશિયલ મીડિયા ના માધ્યમ વડે સનાતન ધર્મ ને તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે આ સમૂહલગ્ન ને સફળ બનાવવા મોરબી દશનામ ગોસ્વામી યુવક મંડળ પ્રમુખ તેજશગીરી મગનગીરી, ઉપ પ્રમુખ બળદેવગીરી દેવપરી મંત્રી નિતેષગીરી મનહરગીરી, ખજાનચી દેવેન્દ્રગીરી સહિત એડવોકેટ હાર્દિકગીરી પ્રકાશગીરી સહિત ની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી આ સમૂહલગ્ન માં મોરબી પાલિકા ના પૂર્વ ઉપપ્રમુખ જયરાજસિંહ જાડેજા, મુકેશગીરી હીરાગીરી ટંકારા ભરતગીરી ચંદુગીરી ઉદય જવેલરી મોરબી સોમગીરી પ્રભાતગીરી રાજકોટ હસુબાપુ ભગવાગ્રુપ રાજકોટ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

# જામનગરમાં બે યુવતીએ અકળ કારણથી ગળાફાંસો ખાઈ જીવતર ટૂંકાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના શંકરટેકરી વિસ્તારમાં વસવાટ કરતા એક યુવતી અને જુના રેલવે સ્ટેશન પાસે ભીમવાસમાં રહેતા બીજા યુવતીએ અકળ કારણથી ગળાફાંસો ખાઈ જીવતર ટૂંકાવ્યા છે. પોલીસે બંને યુવતીના ભાઈના નિવેદન નોંધી તપાસ હાથ ધરી છે.જામનગરના શંકરટેકરી વિસ્તારમાં આવેલા સિદ્ધાર્થ નગરમાં રહેતા જ્યોતિબેન કિશોરભાઈ મકવાણા નામના બાવીસ વર્ષના યુવતીએ પોતાના ઘરે કોઈ ન હતું ત્યારે કોઈ અકળ કારણથી મરી જવાનો કઠોર નિર્ણય કરી પોતાના ઘરમાં છતમાં રહેલા પંખામાં ગળાફાંસો ખાઈ લીધો હતો તેની જાણ થતાં પરિવારજનોએ જ્યોતિબેનને નીચે ઉતારી ચકાસતા તેણી મૃત્યુ પામેલા જણાઈ આવ્યા હતા. આ બનાવની મૃતકના નાનાભાઈ વિરલ કિશોરભાઈ મકવાણાએ પોલીસને જાણ કરી છે.પોલીસે અપમૃત્યુની નોંધ કરી આત્મહત્યા પાછળનું કારણ જાણવા માટે



તપાસ શરૂ કરી છે.જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે આવેલા ભીમવાસ ના બીજા ઢાળીયા નજીક વસવાટ કરતા રવિનાબેન બાબુભાઈ રાઠોડ (ઉ.વ.૨૯) નામના યુવતીએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણથી છતમાં રહેલા પંખામાં ચુંદડી બાંધી ગળાટૂંપો ખાઈ લીધો હતો. જેની જાણ થતાં પરિવારજનોએ તેણીને નીચે ઉતારી ૧૦૮ મારફત જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેણીને ચકાસ્યા પછી મૃત્યુ પામેલા જાહેર કર્યા છે. મૃતકના નાનાભાઈ અમિત બાબુભાઈનું પોલીસે નિવેદન નોંધી તપાસ હાથ ધરી છે.

# મોરબી સિવિલ હોસ્પિટલ કર્મચારીઓનો પગાર બાકી મામલે સામાજિક આગેવાનોએ આરોગ્યમંત્રીને પત્ર લખ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાજિક અગ્રણીઓ દ્વારા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને પત્ર લખી સીવીલ હોસ્પીટલમાં છેલ્લા ૩ માસથી સફાઇ કામદારો તથા સીકયુરીટી, સુપર વાઇઝર તથા ડ્રાઇવરોના પગાર ટાઇમે ન થતા હોય તે બાબતે રજુઆત કરવામાં આવી છે. અને વહેલી તકે કામદારોના પગાર કરાવવા રજૂઆત કરી છે.



મળતી માહિતી અનુસાર, મોરબીના સામાજીક કાર્યકર રાજુભાઈ દવે, જગદીશભાઇ જી. બાંભણીયા અને સેતા ચીરાગ દ્વારા મોરબીની સરકારી હોસ્પીટલમાં સફાઇ કામદારો અને સીકયુરીટીના પગાર છેલ્લા ત્રણ મહીનાથી થયેલ નથી તે અંગે અગાઉ પણ સુપ્રિટેન્ડન્ટને જાણ કરી હતી. પરંતુ હજુ સુધી આ અંગે કોઈ પગલા લેવામાં નહીં આવતા મોરબીના ધારાસભ્ય, કલેકટર અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને પત્ર લખી રજુઆત કરી છે. સફાઇ કામદારો, ડ્રાઇવર તથા સીકયુરીટી, સુપરવાઇઝર વગેરેને અન્ય કોઇ આવક નથી તેમજ અનેક કર્મચારી ભાડાના મકાનમાં રહેતા હોવાથી ભાડાના પણ પૈસા નથી, અમુક કર્મચારીઓને છોકરાઓની ફી ભરવાના પણ પૈસા નથી, તેમજ ત્રણ મહિનાથી પગાર નહિ થતાં કરીયાણાવાળાના ઉધાર પણ કર્મચારીઓ પર ચડી ગયા છે. જેથી મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા પણ ધ્યાન આપે અને કર્મચારીઓના પગાર વહેલી તકે કરાવે તેવી વિનંતી સામાજિક અગ્રણીઓ દ્વારા કરવામાં આવી છે.

# મોરબી જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૨૫૩૦ પરિવારો થયા લાભાન્વિત

## ગરીબ અને મધ્યમ પરિવારના લોકોનું સ્વપ્ન થયું સાકાર: ગત વર્ષે ૯૮૫ પરિવારોને ૧૧.૮૨ કરોડની સહાય થકી મળ્યા હતા: સુવિધાસભર આવાસ

**મુખ્ય સમાચાર, મોરબી**

પ્રજાવત્સલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વ હેઠળ સરકારે નિર્ધાર કર્યો છે કે, દેશમાં કોઈ પરિવાર ઘર વિહોણું ન રહે. સરકારના આ નિર્ધારને સાચા અર્થમાં સાકાર કરી રહી છે પ્રધાનમંત્રી આવાસ યોજના જે હેઠળ લોકોના ઘરના ઘરનું સપનું સાકાર બની રહ્યું છે. આજે અસંખ્ય નોંધારા પરિવારોનું આધાર બની છે પ્રધાનમંત્રી આવાસ યોજના.

આજના સમયમાં સરકાર લાભાર્થીઓના ઘર સુધી પહોંચી છે અને સરકારની સાથે લોકોના આંગણે પહોંચી છે જન કલ્યાણકારી યોજનાઓ. જનહિતની વિવિધ યોજનાઓનો લાભ આજે લોકો ઘરે બેઠા જ મેળવી શકે છે. દેશના પ્રત્યેક નાગરિક સુધી જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ પહોંચે, ગામડાઓનો માળખાગત, આર્થિક તેમજ સામાજિક વિકાસ થાય તે માટે સરકાર દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવે છે, ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ગરીબ લોકો ઘરના ઘરનું સપનું જુએ તો એ સપનામાં સાર્થકતાના રંગ ભરે છે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ).



મોરબી જીલ્લામાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જરૂરિયાતમંદ લોકોની પસંદગી કરી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સાંકળી તેમને ઘરનું ઘર મળે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મોરબી જિલ્લામાં ગત વર્ષે ૯૮૫ લાભાર્થીઓના ઘરના ઘરનું સપનું પ્રધાનમંત્રી આવાસ યોજનાએ સાકાર કર્યું છે. પ્રત્યેક લાભાર્થીને ૧,૨૦,૦૦૦ હજારની સહાય અન્વયે જિલ્લામાં સરકારશ્રીની ૧૧.૮૨ કરોડથી વધુની સહાય થકી ૯૮૫ પરિવારોને પાકી છત મળી શકી છે. મોરબી જિલ્લા કુલ ૨૫૩૦ થી વધુ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના થકી સુવિધાસભર, સક્ષમ અને સલામત આવાસ મળી શક્યું છે.

આ પરીવારોમાંથી ઘણા પરિવારો કાચા મકાનમાં તો ઘણા ભાડાના મકાનમાં રહેતા હતા. કોઈ પરિવારને ટપકતી છતની મુશ્કેલી હતી તો કોઈ પરિવારને ચોમાસામાં જીવ-જંતુઓનો ડર. ટપકતું પાણી, કડકડતી ઠંડી, અસહ્ય ગરમી અને જીવ-જંતુઓનો ભય આવી તો અનેક સમસ્યાઓમાંથી આ પરિવારોને છુટકારો મળ્યો છે ત્યારે તેમના ચહેરા પરનું સ્મિત અનેરું હોય એ સ્વાભાવિક છે. એક માજીએ તો ગદ્-ગદ્ થતાં કહ્યું કે, એક તરફ મારી વહુને પ્રસૂતિ અને બીજી તરફ ચોમાસું, ઘરમાં પાણી જ પાણી ક્યાંય પગ મૂકવાની જગ્યા નહીં એ દિવસો કેમ ભુલાય ? ભલું થાજો સરકારનું કે એમણે અમને ઘર બનાવવા માટે સહાય કરી. હવે જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનાથી અમારું ઘર બની ગયું છે ત્યારે અમે ખરેખર ખૂબ ખુશ છીએ.

આવા તો અનેક જરૂરિયાતમંદ પરિવારો માટે સરકાર હૂંફની છત સાબિત થઈ છે. દરેક વ્યક્તિને પોતાનું એક ઘર હોય એવું સ્વપન હોય છે આ સ્વપન સાકાર કરવા માટે સરકાર કટિબદ્ધ છે અને કોઈ જરૂરિયાતમંદ ઘર વિહોણું ન રહે તે પણ સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

# મોરબી સહીત જિલ્લાના ત્રણ રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસના કામોનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વર્ચ્યુલી ઉદઘાટન

**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાતના અનેક રેલ્વે સ્ટેશનોના અમૃત ભારત સ્કીમ હેઠળ રેલ્વે સ્ટેશનને અનેક સુવિધાથી સજ્જ કરવા પુન:વિકાસના કામોની મંજૂરી આપવામાં આવી છે તથા આજરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ બધા કામોનું એકસાથે વર્ચ્યુલી ઉદઘાટન કરવામાં આવ્યું છે તેમાં મોરબી જીલ્લાના મોરબી સહીત ત્રણ રેલ્વે સ્ટેશનોનું પુન:નિર્માણના કામોનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.



આ ઉદઘાટન પ્રસંગે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા જણાવાયું હતું કે આજરોજ મોરબી જીલ્લાના મોરબી સહિતના ત્રણ રેલ્વે સ્ટેશનનું પુન:વિકાસના કામોનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. જેમાં મોરબીનુ રેલ્વે સ્ટેશન જે મોરબી સ્ટેટ દ્વારા બનાવેલું હતું તે સ્ટેશનને અતિઆધુનિક સુવિધાજનક બનાવવા આશરે ૯ કરોડના ખર્ચે વિકાસના કામ થઇ રહ્યા છે ત્યારે ૬૦ ટકા જેટલું કામ પૂર્ણ થઇ ગયું છે બાકીનું ૪૦ ટકા કામ ચાલુ છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રેલ્વેના ૪૧૦૦ કરોડના કામોમાં જેમાં રેલ્વે સ્ટેશનોના પુનઃ વિકાસ, નવનિર્માણ, સ્ટેશન બિલ્ડીંગમાં પાર્કિંગ, વેઇટિંગ રૂમ, અન્ડરબ્રીઝ, અંડરપાસ વિગેરે જેવા કામોનું વર્ચુયલી ઉદઘાટન કરવામાં આવ્યું છે તેમાં મોરબી જીલ્લામાં મોરબી, હળવદ તથા વાંકાનેર રેલ્વે સ્ટેશનોનું પુન:વિકાસના કામો ચાલુ છે. વધુમાં કાંતિભાઈ દ્વારા જણાવ્યું હતું કે મોરબી રેલ્વે સ્ટેશનમાં કેન્દ્ર દ્વારા વધુ ટ્રેનો મળી રહે તે માટેના પ્રયત્નો ચાલુ છે ત્યારે સપ્તાહમાં એકવાર કે બેવાર મોરબીથી મુમ્બે સીધી ટ્રેન મળે તે માટે પણ દસ્તાવેજી તથા લેખિત રજૂઆતો ચાલુ છે.

રાજકોટ ડિવિઝનના ગતિશક્તિ પ્રોજેક્ટ ચીફ સુધીર દુબે દ્વારા જણાવ્યું કે અમૃત ભારત સ્કીમ ૨૦૨૨ દ્વારા રેલ્વે સ્ટેશનોને અતિઆધુનિક બનાવવા સ્ટેશનોના પુન:નિર્માણની સરકાર દ્વારા યોજના અમલમાં મુકવામાં આવી છે તે મુજબ રેલ્વે સ્ટેશનોની સર્ક્યુલેટિંગ એરિયા મોટા બનાવવા તેમજ પેસેન્જરો માટે વેઇટિંગ રૂમ, સરફેસિંગ, કવર શેડ, કોન્કોર્સ હોલ વગેરે બનાવવા આ અમૃત ભારત સ્કીમ હેઠળ પુન:નિર્માણ કામો ચાલુ છે. જે અંતર્ગત મોરબી રેલ્વે સ્ટેશનમાં જે આવબા જવા માટે અલગ અલગ જે મેઈન ગેટ હતા તે નાના હતા જ હવે એકદમ પહોળા કરવામાં આવ્યા છે તથા સ્ટેશનની આગળ જે ગાર્ડન હતું તે મોટું કરવામાં આવ્યું છે તથા પેસેન્જરો માટે વેઇટિંગ રૂમ તથા સરફેસ તેમજ કવરશેડ વધારી દેવામાં આવ્યો છે. તદુપરાંત મોરબી રેલ્વે સ્ટેશન જ મોરબી સ્ટેટ દ્વારા બનાવવામાં આવ્યા છે ત્યારે તેના પુનઃ વિકાસના કામમાં તેની બિલ્ડીંગ સ્ટ્રક્ચરમાં કોઈ સુધારો વધારો કરવામાં આવ્યો નથી તેને તે રીતે જ હેરિટેજ સ્થળ જેવા દેખાવે છે તેવી રીતે જ રાખવાનો પ્રયત્ન કરી રિડેવલોપીંગ કરવામાં આવ્યું છે.

# જામનગર, હાપા તથા કાનાલુસ રેલવે સ્ટેશનનો રૂ.૫૫ કરોડથી વધુના ખર્ચે થશે પુનઃવિકાસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર , વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દેશના ૫૫૪ રેલવે સ્ટેશનોનો શિલાન્યાસ તથા ૧૫૦૦ જેટલા રેલવે ફ્લાયઓવર તેમજ અંડરપાસના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરી ૪૧ હજાર કરોડની રેલવે પરિયોજનાઓની દેશવાસીઓને ભેટ આપી હતી.આ ઉપક્રમ અંતર્ગત રૂ.૫૫.૨૩ કરોડના ખર્ચે જામનગર જિલ્લાના જામનગર, હાપા તથા કાનાલુસ રેલવે સ્ટેશનના પુન:વિકાસનો શિલાન્યાસ તથા જીવાપર, બાલાચડી, હાપા તેમજ નંદપુર-તમાચણ ફ્લાયઓવરના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત પણ વડાપ્રધાનશ્રીએ કર્યા હતા.

પ્રાસંગિક ઉદ્બોધન કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે આજનું ભારત મોટા સપના જુએ છે અને તેને પૂર્ણ કરવા માટે દિવસ રાત એક કરે છે. શિક્ષણ, મેડિકલ સંસ્થાન, રેલવે સહિતના ક્ષેત્રે સરકાર આધુનિકરણ કરી રહી છે. આજે ૪૦ હજાર કરોડથી વધુના રેલવેના વિકાસ કામો એક સાથે પરિપૂર્ણ થયા તે તેનું ઉદાહરણ છે. વિકસિત ભારતના મુખ્ય સૂત્રધાર દેશના યુવાઓ છે તેમ જણાવતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે યુવાઓને આ વિકાસ કામો થકી નવા રોજગારની વિપુલ તકો પ્રાપ્ત થશે. વિકસિત ભારત યુવાઓના સપનાનું ભારત છે અને યુવાઓના સપના, મહેનત અને મોદીનો સંકલ્પ એ વિકસિત ભારતની ગેરંટી છે.આજે શિલાન્યાસ થયેલ પુન:વિકસિત થનાર રેલવે સ્ટેશન તેની સ્થાનિક સંસ્કૃતિને કેન્દ્રમાં રાખી નવો આકાર પામનાર છે જે પોતાના શહેરની વિશેષતાઓનો દુનિયાને પરિચય કરાવશે.ગરીબ અને મધ્યમ વર્ગ માટેની રેલવે સુવિધા આજે એરપોર્ટ જેવી આધુનિક બની રહી છે.આગામી સમયમાં ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનાવવા સરકાર પૂરજોશમાં પ્રયત્નશીલ છે.

સાંસદ પુનમબેન માડમે આ પ્રસંગે જણાવ્યું કે તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની અનેક ભેટ હાલારને અર્પણ કરી છે.ત્યારે આજે ફરી ડિવિઝન હેઠળના આઠ રેલ્વે સ્ટેશનના નવીનીકરણનો શિલાન્યાસ કરી નાગરિકો માટે રેલ સુવિધાઓનો ઉમેરો કર્યો છે.પહેલાના સમયના જર્જરિત રેલવે સ્ટેશનો આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આધુનિક અને સુવિધાસભર બની રહ્યા છે.કાનાલુસથી ઓખા સુધીના ડબલિંગ તથા વંદે ભારત ટ્રેનને દ્વારકા-ઓખા સુધી લંબાવવાનું કામ પણ આયોજનમાં છે.તેમજ જિલ્લાના જે વિસ્તારોમાં રેલ નથી પહોંચી રહી તેવા વિસ્તારોને રેલ્વેથી જોડવા પણ પૂરતા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.આ તકે સાંસદએ વધુમાં ઉમેર્યું હતું કે સાંસદ તરીકે કરેલી વિસ્તારના વિકાસની રજૂઆતો અંગે વડાપ્રધાનએ હંમેશા હકારાત્મક અભિગમ દાખવ્યો છે અને ત્વરિત નિર્ણયો લઈ જામનગર સંસદીય ક્ષેત્રના અનેક વિકાસ કામો તથા લાભો મંજુર કરી સમગ્ર વિસ્તારને વિકાસની એક નવી દિશા આપી છે.

કાર્યક્રમ અંતર્ગત વિકસિત ભારતની થીમ પર વિવિધ ૭૫ શાળાઓના ૭,૯૫૦ જેટલા વિદ્યાર્થીઓ નિબંધ તથા ચિત્ર સ્પર્ધામાં સહભાગી થયાં હતાં જેમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયાં હતા.અમૃત સ્ટેશનોની મુખ્ય વિશેષતાઓ દરેક સ્ટેશનનો શહેરના સિટી સેન્ટરના સ્વરૂપમાં વિકાસ થશે.ફ્રૂ પ્લાઝા, શોપિંગ ઝોન, ફડ કોર્ટ, ચિલ્ડ્રન પ્લે એરિયા જેવી સુવિધાઓ પ્રવાસીઓની સુવિધા માટે અલગ અલગ પ્રવેશ અને નિકાસ દ્વાર તથા મલ્ટી લેવલ પાર્કિંગ.લિફ્ટ, એસકેલેટર, એક્ઝિક્યુટિવ લોન્જ, વેઇટિંગ એરિયા તથા દિવ્યાંગો માટે અનુકૂળ સુવિધાઓ આમ, કનેક્ટિવિટી મલ્ટી મોડલ એકીકરણથી પુન:વિકસિત આ રેલવે સ્ટેશન દેશના સામાજિક તથા આર્થિક પ્રગતિના કેન્દ્ર બનશે.

આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમ, , રેલવેના એ.ડી.આર.એમ. કે.કે.ચૌબે, સિનિયર ડી.સી.એમ. સુનિલકુમાર મીણા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, કનકસિંહ જાડેજા, હસમુખભાઈ જેઠવા, પ્રતિભાબેન કનખરા, ભૂમિબેન પરીખ, જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરા, શહેર પ્રમુખ વિમલભાઈ કગથરા, મહામંત્રી સર્વ વિજયસિંહ જેઠવા, દિલીપભાઈ ભોજાણી, પ્રવિણસિંહ જાડેજા, પ્રકાશભાઈ બાંભણીયા, અભિષેકભાઈ પટવા, ભરતભાઈ બોરસદીયા, મહાનગરપાલિકાના કોર્પોરેટરઓ સહિત બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના ડોક્ટર દ્વારા રાજકોટમાં સત્ત્વ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીનો શુભારંભ કરાયો

**મુખ્ય સમાચાર જયેશ બોખાણી**

**મોરબી:** મોરબીના બે ડોક્ટર દીકરીઓ ડો. પ્રેક્ષા અઘારા વડસોલા અને ડો. પૂર્વી અઘારા વિરોજાએ રાજકોટના ફિલ્ડ માર્શલ રોડ, હિરા પન્ના કોમ્પલેક્ષ, મોટા મવા ખાતે સત્ત્વ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે લેબોરેટરીના ઉદઘાટન પ્રસંગે રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત રહેલા બહોળી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યુ હતું.



આ લેબોરેટરીનું ઉદઘાટન કાર્યક્રમમાં સાંસદ મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય ટંકારા-પડધરી દુર્લભજીભાઈ દેથરીયા, મંત્રી બ્રિજેશ મેરજા, પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયા, અરવિંદભાઈ વાંસદળીયા સહીતના મહેમાનો તેમજ પરિવારના સભ્યો અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. સત્ત્વ ડાયગ્નોસ્ટિક લેબોરેટરીમાં અતિ આધુનિક મશીનરી સાથે ઝડપી રિપોર્ટની સુવિધા, લોહીની તપાસના તમામ પ્રકારના રિપોર્ટ જેવા કે લોહીના ટકા તથા કણોની તપાસ કોલેસ્ટ્રોલ તથા પ્રોટીન, ડાયાબિટીસ, થાઈરોઈડ તથા અન્ય હોર્મોનની તપાસ, વિટામીન પેનલ, યુરિન તથા સ્ટુલના રિપોર્ટ, બાયોપ્સી અને સાયટોલોજી રિપોર્ટ, લીવર, કીડનીના રિપોર્ટ માટે હોમ કલેક્શનની સુવિધા, વોટ્સએપ દ્વારા ઘરે બેઠા મેળવવાની સુવિધાઓ આપવામાં આવશે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# સફાઈ કામદારોની માંગ નહીં સંતોષાતા આજથી મનપા સામે ધરણા આંદોલન

## કાયમી ભરતી, શોષણ, ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલાં સહિતના પ્રશ્નો બાબતે ગત તા.૧૭ ફેબ્રુઆરીના આવેદન અપાયું હતું


(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ કામદાર યુનિયન દ્વારા રાજકોટ મહાનગરપાલિકામાં કાયમીધોરણે સફાઈ કામદારોની ભરતી કરવી તેમજ સફાઈ કામદારોનું શોષણ કરતા અને લાંચીયા અધિકારીઓ સામે પુરાવાના આધારે તાત્કાલીક કાર્યવાહી કરવા સહિતના પ્રશ્નો અંગે ગત તા.૧૭ના મનપા કમિશનરને રૂબરૂ મળી આવેદન પત્ર સુપ્રત કરાયું હતું. તેઓએ જણાવ્યું હતું કે મનપા દવારા ગત તા.૨૯ ના વર્ગ ચારના સફાઈ કામદારોને પાર્ટ ટાઈમ નોકરી મળી રહે તે માટે ઠરાવ કરવામાં આવ્યો હતો. પરંતુ કેટલાક તત્વો દવારા સફાઈ કામદારોના પ્રશ્ને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યાં છે. તો આ અંગે તાત્કાલીક પગલા લેવા માંગ કરાઈ હતી. આવેદન પત્રમાં એ વાતમાં જણાવ્યું હતું કે જો કામદારોના હિતના પ્રશ્ન ધ્યાનમાં નહીં લેવાય તો આજે સાંજ થી જ ગાંધી ચીંધ્યા માર્ગે રાજકોટ મહાનગરપાલિકા સામે સફાઈ કામદારો ધરણા બેસી જશે.

# રાજ્યના ચારેય ઝોનમાં સુપર સ્પેશ્યાલિસ્ટ સુવિધાઓથી સજ્જ મેડિસિટીનું નિર્માણકાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છેઃ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

## અમદાવાદ, વડોદરા, સુરત,જામનગર અને રાજકોટ જિલ્લામાં અંદાજિત કુલ રૂ.૩૫૦૦ કરોડના ખર્ચે મેડિસિટી નિર્માણ પામી રહી છેઃ કિડની , કેન્સર, હૃદય રોગ , માતૃ અને બાળરોગ સહિતની સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ ઉપલબ્ધ બનશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ એ ગુજરાત વિધાનસભામાં મેડિસિટી સંદર્ભે પૂછાયેલ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે, રાજયના ચારેય ઝોનમાં સુપરસ્પેશ્યાલિસ્ટ સેવા-સુવિધા અને વિશ્વ સ્તરીય સારવાર ઉપલબ્ધ કરાવતી મેડિસિટીનું નિર્માણકાર્ય યુદ્ધના ધોરણે આરંભવામાં આવ્યું છે.



અમદાવાદમાં અંદાજિત રૂ.૯૧૦ કરોડ, વડોદરામાં રૂ. ૫૬૧.૪૫ કરોડ, સુરતમાં રૂ. ૨૦૪.૭૦ કરોડ, જામનગરમાં રૂ. ૮૬૪.૧૭ કરોડ અને ભાવનગરમાં રૂ. ૧૦૦૩.૯૯ આમ અંદાજિત કુલ રૂ. ૩૫૪૪.૪૫ કરોડના ખર્ચે વર્લ્ડ ક્લાસ ફેસિલીટીથી સજ્જ મેડિસિટી નિર્માણ પામી રહી છે.

જેના અંતર્ગત અમદાવાદ સિવિલ હોસ્પિટલખાતે જન્મ જાત બાળકોના ખોડખાપણને લગતા રોગો ,વૃદ્ધ લોકોને લગતા રોગો, મગજ અને જ્ઞાનતંતુના રોગોની સુપર સ્પેશિયાલિસ્ટ સારવાર , વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે હૃદય , કિડની, આંખને લગતા રોગની સારવાર , નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે હૃદય,કિડની

મૂત્રાશયના રોગ, મગજ અને જ્ઞાનતંતુના રોગો જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે હૃદય રોગ ,મૂત્રાશયના રોગો , પ્લાસ્ટીક સર્જરી ,પેટના રોગો , સર ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે હૃદય અને લોહીની નસોના રોગો, કિડની, મગજ અને જ્ઞાનતંતુના રોગોને લગતી સુપર સ્પેશિયાલિસ્ટ ઉપલબ્ધ બનશે.

# મોરબી પંથકમાં અપમૃત્યુના ત્રણ બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવમાં બે મહિલા સહીત કુલ ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા છે. મોરબી પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અપમૃત્યુના પ્રથમ બનાવમાં મોરબી શહેરના રવાપર રોડ ઉપર ગાયત્રીનગર પાછળ આવેલ વિજયનગર-૧માં રહેતા ધર્મિષ્ઠાબેન ધર્મેન્દ્રભાઈ કુણાપરા ઉવ.૪૫ એ માનસિક બીમારીથી કંટાળી પોતાના ઘરે એસિડ ગટગટાવી લેતા ધર્મિષ્ઠાબેનનું મૃત્યુ નીપજ્યું હતું. સીટી એ ડિવિઝન પોલીસે અપમૃત્યુના બનાવ મામલે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

બીજા બનાવમાં મૂળ બનાસકાંઠા જીલ્લાના પેછદાલ ગામના વતની અલ્પેશભાઇ હેમસંગજી ઠાકોર ઉવ-૧૯ રહે. હાલ ઉંચી માંડલ ગામની સીમમાં આવેલ ક્રિશાઝ ફાર્માસ્યુટીકલ કારખાનાના લેબર ક્વાર્ટરમાં એ પોતાની માતા નર્મદાબેન આશરે ત્રણ વર્ષ પહેલા ઘર છોડીને જતા રહેલ હોય જેથી મૃતક અલ્પેશભાઈ ઉદાસ રહેતો હોય અને છેલ્લા ઘણા સમયથી ઘરે જતો ન હોય ત્યારે અલ્પેશભાઈ પોતાની માતાના વિયોગમાં મનમા લાગી આવતા ગત તા-૨૫/૦૨ રાત્રીના ૧૧.૩૦ વાગ્યા પહેલા કોઇ સમયે ક્રિશાઝ ફાર્માસ્યુટીકલ કારખાનાના લેબર ક્વાર્ટરમાં પોતાની જાતે ગળાફાસો ખાઇ લેતા અલ્પેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે કારખાનેથી યશોધરભાઇ ડાયાભાઇ પટેલ મૃતકની ડેડબોડી મોરબી સ.હો.ખાતે લાવતા જ્યાં પોસ્ટમોર્ટમ કરી લાશને અંતિમવિધી માટે સોપવામા આવેલ હતી ત્યારે મોરબી તાલુકા પોલીસે અ.મોત રજી.કરી આગળની તપાસ ચલાવી છે.

જયારે અપમૃત્યુના ત્રીજા બનાવમાં મોરબી તાલુકાના જાંબુડીયા ગામે ધર્મસિદ્ધિ સોસાયટીમાં મમતાબેન હિરેનભાઇ રાઠોડ ઉવ.૧૯ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મૃતક મમતાબેનની ડેડબોડી તેમના પતિ હિરેનભાઈ રમેશભાઈ રાઠોડ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડોક્ટરે મમતાબેનને મૃત જાહેર કર્યા છે. મૃતક મમતાબેનના દોઢ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા અને સંતાન નહિ હોવાનું તેમના પતિ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારે મોરબી તાલુકા પોલીસે આપઘાત અંગે અ.મોત દાખલ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી હતી.

# સરગમ પરિવારના સભ્ય બનવાની તકઃ વર્ષમાં શ્રેષ્ઠ કાર્યક્રમો અપાશે

## ગુણવંતભાઈ ડેલાવાળાએ પત્રકાર-પરિષદમાં આપી માહિતીઃ ચાર દાયકા કરતા પણ વધુ સમયથી સેવાકીય પ્રવૃતિમાં અવ્વલઃ નવા વર્ષની મેમ્બરશીપના ફોર્મનું ૧લી માર્ચથી થશે વિતરણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લાં ચાર દાયકા કરતા પણ વધુ સમયથી વિવિધ ક્ષેત્રે સેવાકીય કાર્યો કરીને લાખો લોકો સુધી તેનો લાભ પહોચાડનાર સરગમ કલબ ના સભ્યો માટે હાલનું વર્ષ પૂરું થવામાં છે અને વર્ષના છેલ્લા કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે તો બીજી તરફ નવા વર્ષની મેમ્બરશીપ પણ શરુ થઇ રહી છે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, સરગમ પરિવારના સભ્યોને દર વરસે એક એકથી ચડિયાતા કાર્યક્રમોની ભેંટ આપવામાં આવે છે અને તેથી જ હજારો કલારસિક રાજકોટવાસીઓ સરગમ પરિવારના સભ્ય બને છે. તેમણે હાલના સરગમ કલબ, સરગમ લેડીઝ કલબ, સરગમ સીનીયર સિટીઝન કલબ અને સરગમ કપલ કલબ તથા સરગમ ચિલ્ડ્રન કલબના તમામ સભ્યોને નવા વર્ષનું ફોર્મ ભરી દેવા અનુરોધ કર્યો છે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, ૨૦૨૩-૨૪નું વર્ષ ૩૧ માર્ચે પૂરું થઇ રહ્યું છે અને નવું વર્ષ ૧/૦૪/૨૪થી શરુ થવાનું છે. નવા વર્ષે પણ આ સભ્યો ઉપરાંત નવા સભ્યો સરગમ પરિવારના સભ્યો બનશે. સરગમ પરિવારના સભ્યો માટે દર વર્ષે ૧૦ શ્રેષ્ઠ કાર્યક્રમો આપવામાં આવે છે. સરગમ પરિવારના સભ્ય થવા માટે ૧/૦૩/૨૪ થી ૩૧/૦૩/૨૪ સુધી સરગમ કલબની ઓફીસ ડો.યાજ્ઞીક રોડ, જાગનાથ મંદિર ચોકમાં આવેલી છે. ફોર્મ ભરીને પહોચાડવાના રહેશે.



સરગમ કલબ નજીવી ફીમાં વાર્ષિક એક વર્ષની મેમ્બરશીપ આપે છે. ચિલ્ડ્રન કલબના સભ્ય થવા માટે ૫૦૦ રૂપિયા, લેડીઝ કલબના સભ્ય બનવા માટે ૬૫૦ રૂપિયા, સીનીયર સિટીઝન કલબના સભ્ય થવા માટે ૭૫૦ રૂપિયા , કપલ કલબ ( બે વ્યક્તિ ) માટે ૧૫૦૦ રૂપિયા, જેન્ટ્સ કલબ માટે ૭૫૦ રૂપિયા અને સીનીયર સિટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ માટે ૨૦૦ રૂપિયા ફી ભરવાની રહેશે. આ મુજબની ફી ભરીને સભ્ય થનારા માટે ૨૦ એપ્રિલથી નવા કાર્યક્રમો શરુ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સરગમ પરિવારના સભ્યો માટે સમગ્ર વર્ષ દરમિયાન મ્યુઝીકલ નાઈટ, નાટક, હસાયરો સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે.

### છેલ્લાં કાર્યક્રમો

હાલના સભ્યોનું વર્ષ ૩૧મી માર્ચના રોજ પૂરું થઇ રહ્યું છે અને એ પૂર્વે વર્ષના છેલ્લા કાર્યક્રમ રૂપે મુંબઈના શ્રેષ્ઠ નાટક પઅજબ સાસુના ગજબ ધડાકાથ નું આયોજન કરવામાં આવ્યું છે. શૈલેશ ગોર, જપેન ગોર, જયેશ પટેલ નિર્મિત તથા યુનુસ પટેલ દિગ્દર્શિત અને ઈમ્તિયાઝ પટેલ લિખિત આ નાટકમાં કોમેડી ક્વીન પ્રતિમા ટી, જીતુભાઈ કોટક વગેરે અભિનય આપી રહ્યા છે.

સરગમ લેડીઝ કલબનાં સભ્યો માટે આ નાટક તા. ૯/૦૩/૨૪ ને શનિવારે બપોરે ૩/૩૦ થી ૬/૧૫ દરમિયાન યોજાશે. સીનીયર સિટીઝન કલબના સભ્યો માટે આ નાટક તા. ૧૦/૦૩/૨૪ ને રવિવારે સાંજે ૬/૦૦ થી ૯/૦૦ દરમિયાન યોજાશે. કપલ કલબના સભ્યો ( સભ્ય સંખ્યા નંબર ૧ થી ૧૦૦૦ ) માટે આ નાટક તા. ૭/૦૩/૨૪ ને ગુરુવારે રાત્રે ૯/૪૫ વાગ્યે, સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૦૦૦ માટે તા. ૮/૦૩/૨૪ ને શુક્રવારે રાત્રે ૯/૪૫ વાગ્યે, સભ્ય નંબર ૨૦૦૧ થી ૩૦૦૦ માટે તા. ૯/૦૩/૨૪ ને શનિવારે રાત્રે ૯/૪૫ વાગ્યે અને સભ્ય નંબર ૩૦૦૧ થી ૩૬૦૦ માટે તા. ૧૦/૦૩/૨૪ ને રવિવારે રાત્રે ૯/૪૫ વાગ્યાથી યોજાશે. સરગમ જેન્ટ્સ કલબના સભ્યો માટે આ નાટક તા. ૧૦/૦૩/૨૪ ને રવિવારે રાત્રે ૯/૪૫ થી ૧૨/૩૦ દરમિયાન યોજાશે.અને આમંત્રિતો તથા ડોનર માટે રાત્રે ૯/૪૫ કલાકે યોજાશે.

ચિલ્ડ્રન કલબના સભ્યો માટે તા. ૧૦/૦૩/૨૪ ને રવિવારે સવારે ૯/૦૦ થી ૧૧/૩૦ દરમિયાન હેમુ ગઢવી હોલમાં ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું છે. સરગમ ચિલ્ડ્રન કલબના તમામ સભ્યોને આકર્ષક ગીફ્ટ પણ આપવામાં આવેલ તે કુરિયર મારફત મોકલી આપેલ છે.

સરગમ કલબ સંચાલિત સીનીયર સિટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટનાં સભ્યો માટે તા. ૪/૦૩/૨૪ ને સોમવારે હેમુ ગઢવી હોલ ખાતે હસાયરો યોજવામાં આવ્યો છે. કાર્યક્રમ નો સમય સાંજે ૬/૩૦ થી ૯/૦૦ નો રહેશે. આ હસાયરામાં ધીરુભાઈ સરવૈયા અને ગુલાબદાન બારોટ હાસ્ય રસ પીરસશે. આ વર્ષનો છેલ્લો પ્રોગ્રામ રહેશે. જે મેમ્બરોએ ઇવનિંગ પોસ્ટનાં નવા વર્ષના સભ્ય થવા માટે ઈચ્છુક વડીલો ફોર્મ ભરીને ઇવનિંગ પોસ્ટ ની ઓફીસ કસ્તુરબા ગાંધી રોડ, રાજકોટ જીલ્લા બેંક પાસે, ચૌધરી હાઇસ્કુલ નજીક ભરીને આપવાના રહેશે.ફોમ ભરવાનો સમય સવારે ૯/૦૦ થી ૧૨/૦૦ અને સાંજે ૪/૦૦ થી ૭/૦૦ સુધીનો રહેશે.

ગુણવંતભાઈ ડેલાવાળાએ વધુમાં જનાવ્યુ઼ચે કે, આ વર્ષના સભ્યોને જુદા જુદા ૧૧ કાર્યક્રમો અને ૩૧ ડીસેમ્બરના ભોજનનો લાભ પણ મળ્યો હતો.

# ઉપલેટાના ખારચિયા ગામે વેણુ-૨ નદીનો પુલ જર્જરિત હાલતમાંઃ જોખમની સંભાવના

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** ઉપલેટા તાલુકાના ખારચીયા ગામે વેણુ ૨ નદી પુલ હાલ અતિશય જર્જરીત હાલતમાં છે.




આ પુલ વર્ષ ૧૯૯૪ નવો બન્યો હતો ત્યારબાદ પૂરતી મરામત ક્યારેય થયેલ ના હોવાથી જર્જરીત હાલતમાં છે નીચેના ભાગ મા મોટા મોટા પોપડા પડી ગયા છે ખીલાસરી દેખાઈ આવી છે અને ઉપર ના ભાગ મા અતિશય મોટા મોટા ખાડાઓ પડી ગયા છે હાલ આ પુલ જોખમ રૂપ બની ગયો છે.

આ પુલ એક ગામ થી બીજા ગામ અને એક તાલુકા થી બીજા તાલુકા જોડતો મહત્વ નો પુલ છે આ પુલ પર થી રોજ અસંખ્ય વાહનો પસાર થાય છે ત્યારે તંત્ર આ પુલ બાબતે યોગ્ય કરે તેવી લોક માંગ ઉઠી છે.

# લાલપુરના ગોવાણામાં ખુલ્લા બોરમાં પડી ગયેલા બાળકનું સારવાર દરમિયાન મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુરના ગોવાણા ગામમાં ગઈ તા.૬ના દિને એક ખેતરમાં ખુલ્લા બોરમાં પડી ગયેલા શ્રમિક પરિવારના બાળકને જીવિત અવસ્થામાં બહાર કાઢી લેવામાં આવ્યો હતો. આ બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે.



લાલપુર તાલુકાના ગોવાણા ગામમાં આવેલા રામદે રણમલભાઈ કરંગીયા નામના ખેડૂતના ખેતરમાં મજૂરીકામ માટે આવીને રહેતા નિલેશભાઈ રમેશભાઈ વસાવા નામના પરપ્રાંતિય શ્રમિકનો પુત્ર રાજ (ઉ.વ.૨) ગઈ તા.૬ની સાંજે ખેતરમાં રમતો હતો ત્યારે નજીકમાં આવેલા ખુલ્લા બોર પાસે પહોંચ્યા પછી અકસ્માતે બોરમાં પડી ગયો હતો.આ બાળકને બચાવવા માટે જામનગર ફાયરબ્રિગેડની ટીમ ધસી ગઈ હતી. બોરની સમાંતર બીજો ખાડો ખોદી રાજને બહાર કાઢવાની કામગીરી શરૃ કરાઈ હતી. દસેક ફૂટની ઉંડાઈએ બોરમાં અટકાઈ ગયેલા રાજને તે દરમિયાન ઓક્સિજન આપવાની પ્રક્રિયા પણ કરાઈ હતી. તે પછી નવેક કલાકની જહેમતના અંતે રાજને જીવિત અવસ્થામાં બહાર કાઢી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.અંદાજે ૧૯ દિવસ સુધી આ બાળકને જી.જી. હોસ્પિટલમાં સારવાર આપવામાં આવ્યા પછી આ બાળકનું મૃત્યુ નિપજતા ઘેરો શોક પ્રસરી ગયો છે. ગયા મહિને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલ્યાણપુર તાલુકાના રાણ ગામમાં ખુલ્લા બોરમાં અઢી વર્ષની બાળકી સરકી ગયા પછી મોતની ગોદમાં સરી ગઈ હતી. તે પછી જીવિત અવસ્થામાં બહાર કઢાયેલા ઉપરોક્ત બાળકનું સારવારમાં મૃત્યુ નિપજ્યું છે.

# જામનગરના બેડી ગેઈટ વિસ્તારમાં જાહેર રસ્તા પર યુવક પર છરી વડે જીવલેણ હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી ગેઈટ વિસ્તારમાં મોડી સાંજે એક યુવાન પર છરી વડે ઘાતક હુમલાના બનાવના પગલે ક્ષણિક અફડા તફડી સાથે દોડધામ મચી જવા પામી હતી.શહેરના બેડી ગેઈટ વિસ્તારમાં સોમવારે મોડી સાંજે એક યુવાન છરી વડે ઘાતક હુમલો થતા ભારે દોડધામ મચી હતી.હુમલાખોરોએ પગ,સાથળ અને માથાના ભાગે છરીના ઘા ઝીંકી દેતા લોહીલુહાણ હાલતમાં યુવાન પટકાઇ



પડયો હતો.જેને તુરંત જ ૧૦૮ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પીટલમાં ખસેડાયો હતો. ઇજાગ્રસ્ત યુવાન છગન દેવા રામા જાખર હોવાનુ અને વિકટોરીયા પુલ વિસ્તારમાં રહેતો હોવાનુ જાણવા મળ્યુ છે.

# નવયુગ ગ્રુપ ઓફ કોલેજના વાર્ષિકોત્સવ ‘ઉડાન’ની ધમાકેદાર ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

તા.૨૫/૦૨/૨૨૦૪ના રોજ નવયુગ ગ્રુપ ઓફ કોલેજના એન્યુઅલ ફંકશન ‘‘ઉડાન‘‘ની રાધે પાર્ટી પ્લોટ ખાતે હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી.

આ ફંકશનમાં બેસ્ટ સ્ટુડન્ટ, બેસ્ટ પ્રોફેસર, બેસ્ટ એજ્યુકેશન, છેલ્લા ચાર વર્ષના ૭ ગોલ્ડમેડાલીસ્ટ સ્ટુડન્ટ્સ તેમજ ગઈઈ નેશનલ કેમ્પ કરેલા કેડેટ્સને સન્માનિત કરવામાં આવ્યા હતા.



આ ઉપરાંત ફંકશનની શોભા વધારતા વિવિધ થીમ જેવી કે મહાભારત, યોગા, હોરર, બોલીવુડ, ગરબા, દિકરીનો કરીયાવરમાં સ્ટુડન્ટ્સએ જાનદાર પર્ફોર્મન્સ થી ફંકશનને ચારચાંદ લગાવી દીધા હતા. પ્રોગામની પુર્ણાહુતી રાષ્ટ્રીય ગીત દ્વારા ભારતમાતાને વંદન કરીને કરાઈ હતી.

એન્યુઅલ ફંકશનમાં નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન ના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયા, નવયુગ એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી રંજનબેન પી. કાંજીયા, જીલેશભાઈ કાલરીયા મોરબી જિલ્લા કિશાન સંઘના પ્રમુખશ્રી, ઉપરાંત નિર્મલ સ્કુલના ટ્રસ્ટી નિલેશભાઈ કુંડારીયા, ઓમ વિદ્યાલયના ટ્રસ્ટી યોગેશભાઈ ઘેંટીયા, રાંદલ વિદ્યાલયના ટ્રસ્ટી મનોજભાઈ ઓગાણજા, નવયુગના પાર્ટનરશ્રીઓ, નવયુગના વિવિધ વિભાગના પ્રિન્સિપાલશ્રીઓ અને સ્ટાફગણએ હાજરી આપીને ફંકશનની શોભા વધારી હતી.

સમગ્ર ફંકશનને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી બલદેવભાઈ સરસાવડીયાના માર્ગદર્શન હેઠળ, વિવિધ કોલેજના પ્રિન્સિપાલશ્રી અને સ્ટાફગણએ જહેમત ઉઠાવીને સફળ બનાવ્યું હતું.

# જામનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા આમરા સરકારી હાઈસ્કુલ ખાતે રોજગાર અને કારકિર્દીલક્ષી સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, જામનગર તેમજ સરકારી માધ્યમિક શાળા- આમરા દ્વારા કારકિર્દી અને રોજગારલક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કારકિર્દી અને રોજગારલક્ષી સેમિનારની શરૂઆતમાં શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરીના કેરિયર કાઉન્સેલર અંકિતભાઈ ભટ્ટ દ્વારા રોજગાર કચેરી ખાતે રજિસ્ટ્રેશન, ભરતીમેળાઓ, આગળ અભ્યાસની તકો અને રોજગારીની તકો વિષે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.મદદનીશ નિયામક (રોજગાર)



ની કચેરીના કેરિયર કાઉન્સેલર ધ્રુવરાજસિંહ જાડેજા દ્વારા આર્મી, નેવી, એરફોર્સ, અગ્નીવીર યોજનાની ભરતી પ્રક્રિયાઓ અને તેના માટે જરૂરી લાયકાત, અભ્યાસ, એપ્લીકેશન ફોર્મ વિષે, સંરક્ષણની વિવિધ ભરતીઓ વિષે વિસ્તૃત માહિતી અને સેમિનારના અંતમાં ઉચ્ચ અભ્યાસ, અનુસ્નાતક માટે વિવિધ તકો અને રોજગારીની તકો વિષે વિસ્તૃત માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.સેમિનારના અંતે શાળાના મદદનીશ શિક્ષક દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ સેમિનારમાં ધોરણ ૯ થી ૧૨ ના ૧૩૬ થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં આમરા હાઈસ્કુલના આચાર્ય અંકુર બલદાણીયા, મદદનીશ શિક્ષકો, અન્ય સ્ટાફગણ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તેમ મદદનીશ નિયામક (રોજગાર) સરોજબેન સાંડપા, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટમાં પતિએ પથ્થરના ઘા ઝીંકીને પત્નિની કરી હત્યા

## અંબિકા ટાઉનશીપના શાંતિવન એપાર્ટમેન્ટમાં મુળ મહારાષ્ટ્રના ગુરૂપા સિરોડીએ પત્નિના આડા સંબધોથી કંટાળીને મધરાતે ખેલ્યો ખૂની ખેલઃ હત્યા કર્યા બાદ વિડીયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર કરીને પોતાનો ગુન્હો કબૂલ્યો




(તસ્વીરઃ આનંદ જાવિયા)




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાના મવા રોડ સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે અંબીકા ટાઉનશીપમાં શાંતિવન નિવાસ બી-વિંગમાં ફ્લેટ નં. ૧૦૩માં રહેતાં અને પેવર બ્લોકના ખાગી કામ રાખતાં કોન્ટ્રાક્ટર યુવાન મુળ મહારાષ્ટ્રના ગુરૂપા મલ્લપા સિરોડી (ઉ.વ.૩૬)એ પોતાની પત્નિ અંબિકા (ઉ.વ.૩૪)ને માથામાં પથ્થરના બ્લોકના બે ઘા ફટકારી ક્રુરતાથી પતાવી દેતાં ખળભળાટ મચી ગયો છે. હત્યા કર્યા બાદ તેણે પોલીસ તથા મિડીયાને ફોન કરી ઘટનાની જાણ કરી હતી અને સરન્ડર થયો હતો. પત્નિને પતાવ્યા બાદ તેણે બે વિડીયો મોબાઇલ ફોનમાં રેકોર્ડ કર્યા હતાં અને પોતાની સોસાયટીના વ્હોટ્સએપ ગ્રુપમાં મુક્યા હતાં. જેમાં તે કહે છે કે મારી પત્નિને મારા જ મિત્ર સાથે આડાસંબંધ હતાં, એ તેની સાથે જવા માંગતી હતી. મેં તેને ખુબ સમજાવી હતી. પણ તે સમજતી નહોતી એટલી પુરુ કરી નાંખ્યું, હું ભાગવાનો નથી, સરન્ડર થઇ જઇશ! પતિના મિત્ર સાથે જ આડાસંબંધ ધરાવતી હોવાને કારણે પત્નિની પતિના હાથે હત્યા થયાનું હાલ સામે આવ્યું છે. આમ છતાં બીજા મુદ્દાઓ પણ ચકાસવામાં આવી રહ્યા છે.

પત્નિને પતાવી દીધા બાદ પતિ ગુરૂપા સિરોડીએ પોતાના મોબાઇલ ફોનમાં બે વિડીયો બનાવ્યા છે. જેમાં પ્રથમ વિડીયોમાં તે કહે છે કે-શાંતિવન નિવાસના પાંચેય વિંગના રહેવાસીઓને મારા તરફથી સાષ્ટાંગ નમસ્કાર, મારાથી ભુલ થઇ ગઇ છે, ભુલ એટલે ભુલ નથી થઇ ગઇ, પણ મને મારી ઘરવાળીએ બહુ તકલીફ આપી છે, તમને આગળ ખબર પડશે. બહુ રીલેટીવમાં મારે કોઇ નથી. હું આ કરવાનો નહોતો પણ કરી દીધું છે. તમને એમ ન થાય કે આ લોકો આવા હોય. બહારના બધા ખરાબ નથી, હું પણ ખરાબ નથી, પણ મારી ઘરવાળી ખરાબ હતી, મને મુકીને બીજી જગ્યાએ જાતીથતી, મારા ભાઇબંધ હારે એવું કર્યુ છે, મારા દોસ્તારે પણ મને દોસ્તીમાં દગો દીધો, ઘરવાળીએ પણ મને દગો દીધો (આ બોલીને પાછળ પત્નિની લોહીભીની લાશ બતાવે છે) આગળ તે કહે છે કે મારી અહિ ઉપસ્થિતિ છે. હું તમને કહેવા માંગુ છું કે મારા લગ્ન થયાને ૧૭ વર્ષ થઇ ગયા, મેં બહુ સમજવવાની કોશિષ કરી હતી.

બે છોકરાનું મોઢુ જોઇને ચુપ હતો, છોકરી આ વખતે દસવી હતી એ પુરી થવાનું છે, પણ ઇ કાલે કે હું બીજા હારે જાઉ છું, પણ મેં તેને કહ્યું કે દસવી પુરા થવા દે પછી આપણે ડીસીઝન લઇશું. પણ ન માની એટલે મેટર પુરુ કરી દીધું. હવે જે થાય તે, મને બધા માફ કરી દેજો. હું ન્યુઝ રિપોર્ટરને બોલાવી બધાને વાત કરવાનો છું, બરોબર...રેડ્ડી, ઓકે હાલો...કહી હાથ હલાવીને મળ્યા...એવો ઇશારો કરે છે.

બીજા વિડીયોમાં હત્યારો પતિ ગુરૂપા કહે છે કે-જો પોલીસવાળા હોય કે કોર્ટ હોય, મારો એક નિયમ છે કે હું સરન્ડર સામેથી થાઉ તો મને બેડી (હથકડી) નથી લગાડવાની, બીજા કેદી જેવું વર્તન નથી કરવાનું. હું માણસ છું અને બીઝનેસમેન છું અને બીઝનેસ કરુ છું, બીઝનેસ તરીકે જ આ બધુ કર્યુ છે. મારા બિઝનેસમાં અને બધી રીતે નડતર થતું હતુ એટલે આ કર્યુ છે. હું ક્યાંય ભાગી નથી જવાનો, સામેથી સરન્ડર થવાનો છું. ન્યુઝમાં જવા દો, ઓકે ચાલો...એટલુ બોલી વિડીયો પુરો કરે છે.હત્યાની ઘટના જાહેર થતાં પોલીસ કન્ટ્રોલ રૂમના ઇન્ચાર્જ અને ટીમ દ્વારા ઉચ્ચ અધિકારીઓ અને તાલુકા પોલીસને જાણ કરવામાં આવતાં ડીસીપી સુધીરકુમાર દેસાઇ, એસીપી બી. જે. ચૌધરી, તાલુકા પીઆઇ ડી. એમ. હરિપરા, ડી. સ્ટાફ પીએસઆઇ જે. ડી. વાઘેલા, એએસઆઇ જલદીપસિંહ ચુડાસમા, કુલદિપસિંહ જાડેજા, અજયભાઇ ભુંડીયા, રાઇટર પ્રવિણભાઇ સહિતની ટીમ પહોંચી હતી અને આરોપીને ડીટેઇન કરી પુછતાછ આરંભી હતી.

પત્નિને પતાવી દેનારા પેવર બ્લોકના કોન્ટ્રાક્ટર ગુરૂપા સિરોડીને સંતાનમાં ૧૭ વર્ષની દિકરી અને ૧૪ વર્ષનો પુત્ર છે. દિકરી દસમા ધોરણમાં ભણે છે અને દિકરો સાતમા ધોરણમાં ભણે છે. આઠ નવ વર્ષથી આ પરિવાર રાજકોટમાં સ્થાયી થયો હતો. કોન્ટ્રાક્ટરના કયા મિત્ર સાથે તેની પત્નિને રિલેશન હતાં? ખરેખર આવુ હતું કે બીજુ કોઇ કારણ છે? એ સહિતની વિગતો મેળવવા પોલીસે તપાસનો ધમધમાટ યથાવત રાખ્યો છે. દરમિયાન કામલીયા નામના કોઇ ભાગીદારને પણ પોલીસે પુછતાછ માટે બોલાવ્યાનું જાણવા મળે છે. આ બનાવે સમગ્ર અંબિકા ટાઉનશીપમાં ચકચાર જગાવી છે. હત્યાનો ભોગ બનનારના માવતરપક્ષની ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ભરૂડી ટોલનાકા પાસે રીક્ષાની ઠોકરે ૮ વર્ષિય બાળકીનું મોતઃ પિતાને ગંભીર ઇજા

## જેતપુર રહેતાં યુસુફભાઇ તેની પુત્રી સબીના સાથે તેણીની આંખની સારવાર કરાવવા સ્વામીનારાયણ ગુરુકુળમાં આવતા હતા ત્યારે દુર્ઘટના ઘટીઃ પરિવારમાં આક્રંદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ગોંડલ હાઇવે પર ભરૂડી ટોલનાકા પાસે રીક્ષાની ઠોકરે ૮ વર્ષની બાળકીનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે તેના પિતાને ગંભીર ઇજા પહોંચતા સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતાં.



પ્રાપ્ત વિગત મુજબ જેતપુરમાં ધોરાજી રોડ પર સંધી પ્લોટમાં રહેતા યુસુફભાઇ યાસીનભાઇ લુંલાણી (ઉ.વ. ૩૭)ને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. જેમાંની ૮ વર્ષની પુત્રી સબીનાને આંખની તકલીફ હોય જેમની સારવાર કરાવવા માટે આજે બપોરે રાજકોટમાં સ્વામીનારાયણ ગુરુકુળમાં આવતા હતા ત્યારે રીબડા નજીક ભરૂડી ટોલનાકા પાસે પહોંચતા પાછળથી પુરપાટ ઝડપે આવેલી રીક્ષાએ બાઇકને હડફેટે લેતા બંને પિતા-પુત્રી રોડ પર ફંગોળાઇ ગયા હતા. બંનેને સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પીટલે ખસેડાતા આઠ વર્ષની બાળકીને ફરજ પરના તબીબોએ તપાસી મૃત જાહેર કરી હતી.

બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# સરધારમાં કામ કરતી વેળાએ પતરા પરથી પટકાતા યુવાનનું મોત

## ઓઈલ મીલમાં કામ કરતા મુળ સાબરકાંઠાના યુવાનનું સારવાર મળે તે પહેલા જ પ્રાણપંખેરુ ઉડી જતા ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધારમાં આવેલ આશીષ ઓઈલ મિલમાં પતરા પર કામ કરતી વેળાએ નીચે પટકાયેલા ૪૦ વર્ષીય યુવાનનું કમકમાટીભર્યુ મોત નિપજતા આદિવાસી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ સરધારમાં આવેલ આશીષ ઓઈલ મીલમાં રહી ત્યાં જ કામ કરતા મુળ સાબરકાંઠાના કાનપુરા ગામના સંજયભાઈ રસીકભાઈ પરમાર (ઉ.૪૦) ગઈરાત્રે સાડા આઠ વાગ્યાના આસપાસ ઓઈલમીલના પતરા પર ચડી કામ કરતા હતા ત્યારે અચાનક જ શરીરનું સંતુલન ગુમાવતા તેઓ નીચે પટકાયા હતા. જેમાં તેઓને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવારમાં સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં ફરજ પરના તબીબોએ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

વધુમાં મળેલ વિગત મુજબ મૃતક છ મહિના પહેલા પોતાના વતનથી અહી કામે આવ્યા હતા તેઓ ત્રણ ભાઈ ત્રણ બહેનમાં વચેટ અને સંતાનમાં બે પુત્ર બે પુત્રી હોવાનું સામે આવ્યુ હતું. બનાવથી પરિવારમાં અરેરાટી સાથે શોક છવાયો છે.

# મહાશિવરાત્રીના મેળામાં પરંપરાગત રવેડી નીકળશેઃ ભવનાથમાં સંતોની બેઠકમાં કરાઈ જાહેરાત




**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

મહાશિવરાત્રીના અનુસંધાને સાધુ-સંતોની મીટીંગ ભવનાથ ખાતે મળી હતી. જેમાં આ વર્ષે પણ પરંપરાગત રીતે રવેડી યોજવાનો નિર્ણય લેવાયો છે સાથે પ્રસ્તાવ પસાર કરાયો હતો. સ્થાનિક સંતો બગીમાં નહીં બેસે એવું નક્કી કરાયું હતું. બેઠકમાં પરંપરાગત રીતે રવેડી નીકળશે તેવો નિર્ણય લેવાયો હતો.

ગત તા. ૧૧ ફેબ્રુઆરીના સંતો આગેવાનોની બેઠક યોજાઇ હતી જેમાં મેળો સાધુ-સંતો કહે તે મુજબ મેળો યોજવાનું નકકી કરાયું હતું. બગીના માલિકો વિધર્મીઓ હોવાથી બગીઓનો બહિષ્કાર કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. કમંડલ કુંડલ, ભુતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરીએ દરેક સંતો પગે ચાલીને રવેડીમાં જોડાય તેમ જણાવ્યું હતું. ઉપરાંત ૩૮ મુદ્દાઓ મેળાને લગતા તૈયાર કરવામાં આવ્યા હતા.

ગઇકાલે મળેલી સંતોની બેઠકમાં પરંપરાગત રીતે નીકળતી રવેડી નીકળશે. ભવનાથમાં યોજાયેલી મીટીંગમાં બગી ન રાખવાનો નિર્ણય કરાયો હતો. જે બાબતે સંતો મહંતો સાથે ચર્ચા વિચારણા કરાશે તેમ ઇન્દ્રભારતી બાપુને જણાવ્યું હતું. અખાડાના વરિષ્ઠ સંતોની સાથે બેસી ચર્ચા વિચારણા કરાવે.

આ અંગે કમંડલ કુંડના મહંત મહેશગીરીએ જણાવ્યું છે કે આગામી દિવસોમાં અખાડાઓનું પંચ આવશે તેમાં બગી રાખવાનો પ્રસ્તાવ મુકાશે. બગીઓ વિધર્મીઓની હોય તેને લઇને રવેડીમાં પવિત્રતાનો ભંગ થાય છે. તેથી બગીઓ ન રાખવાનો નિર્ણય લીધો છે.

# રાજકોટનાં સાત હનુમાન મંદિર પાસે નણંદની હેરાનગતિથી પરેશાન મહિલાની મદદે આવી અભયમની ટીમઃ પતિ-નણંદને સમજાવી સમાધાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નણંદની હેરાનગતિથી પરેશાન મહિલાની ૧૮૧ અભયમની ટીમ દ્વારા મદદ કરવામાં આવી હતી, જેમાં આજે એક વ્યક્તિ દ્વારા ૧૮૧માં કોલ કરીને સાત હનુમાન મંદિર પાસે એક મહિલા કોઈ કારણોસર સતત રડી રહી હોવાનું જણાવ્યું હતું. આ અંગેની જાણ થતાં કાફલો દોડી ગયો હતો અને પૂછપરછ કરતા આ મહિલા નણંદની હેરાનગતિથી પરેશાન હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે મહિલા, તેની નણંદ અને તેના પતિની પણ સમજાવટ કરી અભયમની ટીમ દ્વારા સમાધાન કરાવાયું હતું.



પ્રાપ્ત વિગત મુજબ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં એક સજ્જન નાગરીકે કોલ કરી જણાવ્યું હતું કે, એક બહેન સવારના સાત હનુમાન મંદિર પાસે આવીને રડતા હતા. જેને પગલે અભયમનાં કાઉન્સિલર દર્શના મકવાણા કોન્સ્ટેબલ મયુરીબેન તથા પાઇલોટ કેતનભાઈ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ મહિલાના કાઉન્સેલિંગ દરમિયાન ટીમને જાણવા મળ્યું કે પીડિતા બહેનને તેની નણંદ દ્વારા અવારનવાર હેરાનગતિ કરી ત્રાસ આપવામાં આવે છે.

ગઈકાલે નણંદે હાથ ઉપાડેલ ત્યારબાદ પીડિતા બહેનને માથામાં સાવરણી મારી અને અપશબ્દો બોલતા તેઓ ઘરેથી નીકળી ગયા હતા તેમજ મારે હવે ઘરે નથી જવું એમ જણાવ્યું હતું. જોકે, ૧૮૧ ટીમ દ્વારા સાંત્વના આપી અને તેમના પતિનો સંપર્ક મેળવ્યો હતો. બાદમાં પીડિતા બહેનને તેમના પતિના ઘરે જવા માટે સમજાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ પીડિતા બહેનનાં ઘરે જઈને તેમના નણંદનું કાઉન્સિલિંગ કરીને કાયદાકીય માહિતી આપીને ફરીવાર આવું નાં કરે તેવું કાયદાની ભાષામાં સમજાવવામાં આવ્યું હતું.

પીડિત મહિલા, તેના પતિ અને નણંદની અભયમ ટીમ દ્વારા સમજાવટ કરવામાં આવતા મામલો થાળે પડ્યો હતો અને મહિલા પરત ઘરમાં સાથે રહેવા તૈયાર થતા પરિવાર વિખેરાતા બચ્યો હતો. જેને પગલે આ મહિલા તેના પતિ અને નણંદે પણ અભયમની ટીમનો આભાર માન્યો હતો તેમજ ફરીવાર આવા ઝઘડાઓ નહીં કરવા અંગેની ખાતરી આપી હતી. પીડિતા ઘરે પરત આવતા પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# ગેસ એજન્સીમાંથી આવતો હોવાનું કહી ચોરી કરતો તસ્કર પકડાયો

## મિલપરા સહિત ૩ ચોરીના ભેદ ખુલ્યા, ૨.૭૧ લાખનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ધોળે દિવસે ગેસ એજન્સીનો કર્મચારી હોવાની ઓળખ આપી ચોરીના બનાવને અંજામ આપતા રીઢા તસ્કર કેતન ડોલર ઉર્ફે દિનેશ રાઠોડને તેના મોરબી રોડ, સેટેલાઇટ ચોક પાસે રાધામીરાપાર્ક-૩માં તેના ઘરેથી ક્રાઇમ બ્રાંચની ટીમે ઝડપી લીધો છે. સકંજામાં આવેલો મૂળ ધ્રોલ ગામના તસ્કર પાસેથી પોલીસે રૂ.૨.૬૩ લાખની રોકડ, ચાંદીના ઘરેણાં, મોબાઇલ મળી કુલ રૂ.૨,૭૧,૪૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.



પૂછપરછમાં તેને થોડા દિવસ પહેલાં જ મિલપરામાંથી ચોરી કર્યા ઉપરાંત ૨૫ દિવસ પહેલાં ભક્તિનગર સર્કલ પાસે ભક્તિનગર સોસાયટીમાં બપોરના સમયે એક મકાનમાં તેમજ આ જ સોસાયટીમાં એક મહિના પહેલાં ચોરી કર્યાની કબૂલાત આપી છે. વિશેષ પૂછપરછમાં તે ધોળે દિવસે જ ચોરી કરવાની ટેવ ધરાવતો હોય બંધ મકાનને નિશાન બનાવતો હતો. તેમજ મોટી મતા મળવાની શંકાએ તે મકાનમાં જઇ ગેસ એજન્સીમાંથી આવતો હોવાની ખોટી ઓળખ આપી ઘરમાં હાજર વ્યક્તિની નજર ચૂકવી ઘરમાંથી કિંમતી મતાની ચોરી કરતો હતો.

જોકે રીઢા તસ્કરે આપેલી ત્રણ ચોરીની કબૂલાત પૈકી અન્ય બે ચોરીમાં તેને મામૂલી રોકડ જ હાથ લાગી હોવાની કેફિયત આપી છે. રીઢા તસ્કર કેતન રાઠોડ સામે ૨૦૨૧ના વર્ષમાં આજી ડેમ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાઇ છે. જ્યારે મિલપરામાં કરેલી ચોરીની ફરિયાદ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાઇ હોય ક્રાઇમ બ્રાંચની ટીમે તસ્કર કેતન રાઠોડને ભક્તિનગર પોલીસ હવાલે કર્યો છે. વધુ ચોરીના બનાવને અંજામ આપ્યો છે કે કેમ તે અંગે ભક્તિનગર પોલીસે પૂછપરછ હાથ ધરી છે.

# હાઈકોર્ટના આદેશની તાત્કાલીક અમલવારી સાથે કોંગ્રેસને ફરી ઓફિસ ફાળવવામાં આવે

## કોંગ્રેસના વશરામભાઈ સાગઠીયા તેમજ અન્ય હોદેદારોએ મનપા કમિશનરને મળી રજૂઆત કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મનપામાં કોંગ્રેસના નગરસેવક તરીકે ચૂટાયેલા વશરામભાઈ સાગઠીયા તેમજ કોમલબેન ભારાઈએ કોંગ્રેસ છોડી આપમાં ભળતા તેઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ અંગે વશરામભાઈ દવારા હાઈકોર્ટના દરવાજા ખટખટાવવામાં આવ્યા હતા. તાજેતરમાં જ હાઈકોર્ટે સુનાવણી દરમિયાન વશરામભાઈ તેમજ કોમલબેનની તરફેણમાં ચુકાદો આપતા ફરી તેઓને કોર્પોરેટર તરીકે લેવા હાઈકોર્ટે આદેશ કર્યો છે. આ સંદર્ભે આજે વશરામભાઈ સાગઠીયા તેમજ કોંગ્રેસના હોદેદારો દવારા કમિશનર આનંદ પટેલને મળી તુરંતમાં હાઈકોર્ટના આદેશનું પાલન કરવા સાથે કોંગ્રેસને મહાનગરપાલિકામાં મળેલી ઓફિસ પરત આપવામાં આવે તેવું જણાવ્યું હતું. બીજી તરફ કમિશનરે પણ આ અંગે રજૂઆતને ધ્યાનમાં લઈ ઘટતુ કરવાની ખાતરી આપી હતી.

